# Official Spokesperson's response to a query from the media in the case of Shri Kulbushan Sudhir Jadhav

July 08, 2020

# શ્રી કુલભૂષણ સુધિર જાધવનાં કેસમાં મીડિયાનાં સવાલને અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

જુલાઈ 08, 2020

**શ્રી કુલભૂષણ સુધિર જાધવનાં કેસમાં મીડિયાનાં સવાલનાં પ્રતિભાવમાં, વિદેશ મંત્રાલયનાં પ્રવક્ત શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું:**

અમે રાજદ્વારી ચેનલો મારફત શ્રી કુલભૂષણ જાધવનાં કેસમાં આઈસીજે ચુકાદાનાં સંપૂર્ણ અને અસરકારક અમલીકરણ હાથ ધરી રહ્યા છીએ. આજે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલું મીડિયા વિધાન શબ્દો અને આત્મામાં આઈસીજી ચુકાદાનું અમલીકરણ કરવામાં તેની ચૂપકીદી ચાલું રાખવા પર મહોરું ધારણ કરવા માંગે છે.

પાકિસ્તાનનો દાવો કે શ્રી જાધવ, જે પાકિસ્તાનની કેદમાં બંધ છે, તેણે સમીક્ષા અરજી શરૂ કરવાની ના પાડી છે તે છેલ્લા ચાર વર્ષથી ભજવવામાં આવી રહેલા તમાશાની સાતત્યતા છે. શ્રી જાધવને તમાશાવાળી ટ્રાયલ મારફત દેહાંતદંડની સજા ફરમાવવામાં આવી છે. તે પાકિસ્તાનનાં સૈન્યની કેદમાં રહ્યા છે. આ કેસમાં સમીક્ષા અરજી દાખલ કરવા મનાઈ કરવા તેઓને સ્પષ્ટ રીતે દબાણ કરવામાં આવ્યું છે. ભારતે વટહુકમ હેઠળ તેઓનાં ઉપાયોની ચર્ચા કરવા માટે શ્રી જાધવની અમર્યાદિત સુલભતા માંગી હતી. આ વટહુકમ હેઠળ અપર્યાપ્ત ઉપાયને પણ દૂર કરવાનાં નિર્લજ્જ પ્રયાસમાં, પાકિસ્તાને શ્રી જાધવને આઈસીજેનાં ચુકાદાનાં અમલીકરણની માંગનાં તેનાં અધિકારોને પણ જતા કરવા માટે ખરેખર દબાણ કર્યું છે.

પાકિસ્તાને તેઓની મિલિટરી કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલી સજાની સમીક્ષા કરવા માટે હાઈકોર્ટને અનુમતિ આપવા માટે 20 મે 2020 નાં રોજ એક વટહુકમ બહાર પાડ્યો હતો. જ્યારે અમે સમગ્ર સમય દરમિયાન વિરોધ કર્યો હતો ત્યારે તેઓ આ સમગ્ર સમય દરમિયાન અડગ રહ્યા હતા કે તેઓનાં કાયદાઓએ અસરકારક સમીક્ષા અને પુનઃવિચારણા માટે અનુમતિ આપી છે. હવે, લગભગ એક વર્ષ બાદ, તેઓ સંપૂર્ણ રીતે ફરી ગયા છે અને દેખાવ પૂરતી અમુક પ્રકારની સમીક્ષા પ્રદાન કરવા વટહુકમ જારી કર્યો છે. અમે આ વટહુકમની વિષયવસ્તુ પર અને તે જે રીતે આઈસીજે ચુકાદાનું ઉલ્લંઘન કરે છે તેનાં પર ગંભિર ચિંતાઓ વ્યક્ત કરી છે. પાકિસ્તાન માર ઉકેલનો આભાસ ઉભો કરવા માંગે છે.

અમે વારંવાર વિનંતીઓ કરી હોવા છતાં, પાકિસ્તાને શ્રી જાધવની મૂક્ત અને અમર્યાદિત સુલભતા આપવામાં ભારતને ના પાડવાનું ચાલું રાખેલ છે. ભારતે કોઈપણ સમીક્ષા અને પુનઃવિચારણા પ્રક્રિયાઓમાં શ્રી જાધવ વતી હાજર રહેવા પાકિસ્તાન બહારનાં વકીલને અનુમતિ આપવા માટે કહ્યું છ. પાકિસ્તાને તે માટે ના પાડી છે.

2017 થી, જ્યારે મિલિટ્રી કોર્ટે હાસ્યાસ્પદ ટ્રાયલ હાથ ધરી હતી, ત્યારથી પાકિસ્તાને આ કેસમાં એફઆઈઆર, પુરાવો, કોર્ટનો હુકમ વગેરે સહિત કોઈપણ સંબંધિત દસ્તાવેજ ભારતને સોંપવાની ના પાડી છે. સ્પષ્ટ રીતે, પાકિસ્તાન આઈસીજે ચુકાદાનાં અનુપાલનમાં મૃગજળનો આભાર બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

આઈસીજે દ્વારા એવું પ્રતિપાદિત કરવામાં આવ્યું છે કે પાકિસ્તાન આંતરરાષ્ટ્રિય કાયદાઓનાં અતિશય ઉલ્લંઘનમાં છે. સરકાર શ્રી જાધવનું રક્ષણ કરવા બધુ કરી છૂટશે અને ભારતમાં તેની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરશે. તે માટે, તે તમામ યોગ્ય વિકલ્પો વિચારણામાં લેશે.

**નવી દિલ્હી**
**જુલાઈ 08, 2020**

**DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.**